| 25. | | Nitinbhai Shantibhai Gohil<br>Nileshbhai Shantibhai Gohil<br>Kanchanben Shantibhai Gohil. | Plot No. 159 , **"Sundarvan Residency"**, B/s Vraj Nandini Residency, Rev. S. No. 88, 89 And 90, New Block No. 83,84 & 85 Of Village Nansad, Tal. Kamrej Dist. Surat-394180 Area-42.41 Sq.mti.e. 50.72 Sq.yard | Residential Row House | 12,20,880.49 | 9,26,415.00 | 92,641.50 | Physical | |
| 26. | Ramnagar | Dobariya Ghanshyambhai Vinodbhai | Flat No. 1102, **"Shiv Ranjani Residency"**, Building No. C-2, 11th Floor, R.S. No. 47, Block No. 43, Moje. Sachin, Opp. Raj Abhishek City Homes, Sachin to Palsana, Surat – 394230. Area-67.75 Sq. Mt. | Residential Flat | 16,16,698.00 | 11,91,870.00 | 1,19,187.00 | Physical | Jain Nitin 8980021075 |
| 27. | Sarthana | Lalit Kantibhai Savania | Flat No. 302, 3rd Floor, **"Partham Residency"**, (Chimandhar Nagar Society), B/h. Dada Bhagwan Temple, Nr. Shri Hari Residency, Block No. 357 Paikee 2, Sub Plot No. A-43, B-43, B-44, A-45, (As per Plan 43, 44, 45), Moje. Nansad, Sub Dist: Kamrej, Dist. Surat Area- 44.98 Sq. Mt. i.e. 484.00 Sq. ft. (BUA) Boundaries of Property : North : Passage / Flat No. 304, Sourth : Open Space, East : Flat No. 301, West : Internal Road. | Residential Flat | 8,56,030.00 | 6,02,055.00 | 60,205.50 | Physical | Vishvdeep 8980026748 |
| 28. | Sufibaug | Vinayak Creation<br>Ganpatlal Inderlal Joshi | Shop No. 120 (as Per Approved Plan) And As Per Site Shop No 6120 On The 6th Floor Of **"Radha Madhav Textile Market"** Situated At Devadh, Land Bearing Revenue Survey No.128, Block No.117/B, T.p.scheme No.35(kumbhariya-saroli-saniyahemad), Final Plot No.10 Village: Devadh, Taluka: Choryasi, District: Surat. Shop Carpet Area Admeasuring 486.78 Sq.fts i.e. 45.24 Sq.mtrs And Built Up Area Admeasuring 502.49 Sq.fts I.e. 46.70 Sq.mtrs. Bounded As Under : North : Land Of Block No. 116, South : 60ft T.p. Road, East : 60ft T.p. Road, West : Boundary Of Godadara Village. | Commercial Shop | 96,18,762.64 | 17,10,000.00 | 1,71,000.00 | Physical | Kumar Ravi 8980026679 |
| 29. | Udhna | Chaudhari Anil Sevaram | Plot No. 237, **"Shree Krishna Residency"**, R.S No. 306/2, 309/2, 314/2, 315/P, 316, 309/1A, Block No. 327, Moje. Tundi ,Nr. Jay Ambe Residency, Tundi-Ena Road, Tundi, Palsana, Surat.-394310. Area- 40.15 sq mtr | Residential Row House | 6,93,336.50 | 6,22,710.00 | 62,271.00 | Physical | Prusty Tushar Kanta 8980026685 |
| 30. | Utran | Vinodbhai Shamjibhai Dudhat | Plot No. 64, **"Sonal Park"**, Block No. 35, Moje-Atodara, Nr Atodara Chowki, Jahangirpura - Atodara Road, Atodara, Olpad, Surat-394540. Area-74.42 sq mtr | Residential Row House | 14,23,725.40 | 14,17,500.00 | 1,41,750.00 | Physical | Gupta Vinay Kumar 8980026690 |
| 31. | VIP Road | Sangita Gajanand Mahtang<br>Gajanand Tukaram Mahtang | R.S.No- 329, Block No-343, **"Shree Villa Residency"**, Plot No. 65, B/s Sai Krupa Residency, Nr. Eden Homes, Tundi Village Road, Tundi, Palsana, Surat-394310. Area-40.15 sq mtr. | Residential Gala Type Property | 10,59,828.31 | 6,39,000.00 | 63,900.00 | Physical | Kumar Arvind 8980026781 |
| 32. | | Shaileshbhai Himmatbhai Jotaniya | R.S.No. 192/2, Block No. 204, **"Shree Shubh Residency"**, Plot No. 178, Nr. Enjoy Farm & Wonder Village, Vav- Orna Road, Jokha-394326,Tal- Kamrej,Surat. Area-63.51 sq. mt. | Residential Row House | 19,18,750.44 | 9,28,800.00 | 92,880.00 | Physical | |

**STATUTORY 15 DAYS SALE NOTICE UNDER SARFAESI ACT TO BORROWER / GUARANTOR / MORTGAGOR | Minimum Bid incremental Amount Rs. 10,000/- (Rs. Ten Thousand only)| Inspection Start Date : 09/09/2025**

**For detailed terms and conditions of sale, please refer/visit to the website link https://www.bankofbaroda.in/e-auction.htm and online auction portal https://baanknet.com Also, prospective bidders may contact the Authorised officer on Tel No. 0261-2294808/4720.**

**(In The Event Of Any Discrepancy Between the English Version And Any Other Version Of This Auction Notice, The English Version Shall Prevail)**

**Date : 08/09/2025**
**Place : Surat**

**Authorised Officer, Bank of Baroda**

**SCAN HERE** For detailed terms & conditions

### ૭ વર્ષ પહેલા ભોલાવન રહીશે દેવું વધતા પોતાના જ પરિવારને ખતમ કરનાર કર્યો હતો

# પત્ની, પુત્ર અને પુત્રીની હત્યા કરી આત્મહત્યાના પ્રયાસના બનાવમાં આરોપીને આજીવન કારાવાસ

## "મને ફાંસી આપો" ની કોર્ટ સમક્ષ માંગણી સામે કોર્ટે આજીવન કારાવાસ ફટકાર્યો

ભરૂચ,તા.૯

ભરૂચ ઉદ્યોગ નગરી બની ચૂક્યો છે, દેશભરમાંથી લોકો રોજગારી અર્થે ભરૂચ તરફ દોટ મૂકતા હોય છે. કેટલાક પરપ્રાંતિય લોકો વર્ષોથી ભરૂચમાં આવી કાયમી રહેઠાણ રાખી ચૂંટણી સમયે મતદાન કરી મતદાતા પણ બની ચૂક્યા છે. ત્યારે સેંકડો હજારો કરોડોની કંપનીઓ અને નાના મોટા અઢળક એકમો વચ્ચે પણ પૂરતી રોજગારી મેળવવાને લઈ લોકોમાં તંત્ર સામે આંશિક રોષ છે. ભરૂચ તાલુકાના ભોલાવમાં આવેલ રંગકૃપા સોસાયટીમાં રૂ. ૬ હજારના ભાડે રહેતા ભાવનગરના જગદીશ સોલંકી તેની પત્ની, પુત્ર અને પુત્રીને પરિવારના ૭ વર્ષ પહેલાના ત્રેવડી હત્યા અને આત્મહત્યાના પ્રયાસે લોકોને હચમચાવી દીધા હતા. પાનોલીની કેમિનોવા કંપનીમાં નોકરી કરતા સુપરવાઈઝર જગદીશ સોલંકીનો પગાર ૨૫ હજારનો પગારદારને બેંકની ૩ લાખની લોન અને ૮૦ હજારનું દેવું હતું. મહિને ૧૩ હજારનો હપ્તો અને ૬ હજારનું ભાડું ભરપાઈ નહિ કરી શકતા જગદીશ જલ્લાદ બન્યો હતો. ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૮ ની બપોરે ઘરમાં જ ૩૦ વર્ષની પત્નીને પાણી આપવાનું કહી તેની ઉપર ધારદાર ચપ્પાથી ગળા ઉપર હુમલો કરેલ, તેણી બચવા બુમો પાડતા હિચકારો હુમલો કરી તેણીને ઉપરા-છાપરી ચપ્પાના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધી હતી. ત્યાર બાદ વ્હાલસોયા અઢી વર્ષના દિકરા વેદાંતને પહેલા મનભરી કીસ કરી તેના પણ ગળા પર ચપ્પુથી તિક્ષ્ણ ઘા કરી મારી નાંખેલ. ઘોડિયામાં રહેલી ઢીંગલી સમાન ૭ માસની વ્હાલી દીકરીને પણ મનભરી કિસ કરી રડી રડીને તેના ગળે પણ ચપ્પુથી તિક્ષ્ણ ઘા કરી મારી રેહસી નાખી હતી. ભરૂચના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ આર.કે. દેસાઈની કોર્ટમાં આ કેસ ચાલી ગયો હતો. જિલ્લા સરકારી વકીલ પી.બી. પંડ્યાએ તમામ પુરાવા, દલીલો રજૂ કરી આ જઘન્ય અને રેરેસ્ટ ઓફ ધી રેર કેસમાં આરોપીને ફાંસીની સજાની માંગ કરી હતી. પત્ની અને બે માસૂમ બાળકના હત્યારા જગદીશે પણ કોર્ટ સમક્ષ પોતાને ફાંસી આપવા કહ્યું હતું. અદાલતે આ જઘન્ય અપરાધ અને ગંભીર ગુનામાં પોતાના પરિવારના જ ઘાતકી હત્યારા અને ટ્રિપલ મર્ડરના આરોપી જગદીશ સોલંકીને આજીવન કેદની સજા ફટકારી છે. કરોડોના કોભાંડ કરતા ભ્રષ્ટાચારીઓ સામે સામાન્ય દેવું વધી જતા પોતાના જ પ્રિજનોનું કાસળ કાઢવું કેટલું યોગ્ય તેવા પ્રશ્નો ઉદભવ્યા હતા.

### રૂપિયા જમા ન કરી શકે તો વધુ ત્રણ માસની સાદી કેદનો હુકમ

# અંકલેશ્વરમાં ચેક રિટર્ન કેસમાં જય ભવાની સ્વીટ્સના રાજપુરોહિત હસ્તીસિંઘને બે વર્ષની કેદનો હુકમ કરાયો

## ૬૦ દિવસમાં ફરિયાદીને રૂપિયા ૧૧ લાખ પરત કરવા માટેનો પણ હુકમ કોર્ટે કર્યો

અંકલેશ્વર,તા.૯

અંકલેશ્વરમાં ચેક રિટર્ન કેસમાં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીને બે વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. અને ૬૦ દિવસમાં ફરિયાદીને રૂપિયા ૧૧ લાખ પરત કરવા માટેનો પણ હુકમ કોર્ટે કર્યો હતો.જાણવા મળતી વિગતો અનુસાર અંકલેશ્વર જીઆઈડીસીના માનવ મંદિર પાસે આવેલ જય ભવાની સ્વીટ્સના રાજપુરોહિત હસ્તીસિંઘ નારાયણસિંઘને કનક પેઈન્ટના રાજનાથ પારસનાથ શુકલા સાથે મિત્રતાના સંબંધ હતા,અને હસ્તીસિંઘે તેઓને વડોદરામાં સસ્તામાં મળતી મિલકત ખરીદીને તેમાં વધુ નફો મળવાની વાત કરીને વિશ્વાસમાં લીધા હતા,અને હસ્તીસિંઘે રોકાણ માટે રૂપિયા એક કરોડનીમાતબર રકમ એકાઉન્ટ મારફતે મેળવી હતી.જોકે સમય અવધિ વીત્યા બાદ પણ મિલકત અંગેની કોઈ ચોક્કસ માહિતી ન મળતા આ અંગે રાજનાથ શુકલા દ્વારા હસ્તીસિંઘને પૂછવામાં આવતા તેઓએ અન્ય મિલકતમાં રોકાણ કર્યું હોવાનું જણાવીને રાજનાથ શુકલાને વિશ્વાસ અપાવ્યો હતો.જોકે કોરોના કાળમાં લોકડાઉન દરમિયાન ભારતના ગૃહમંત્રી અમિત શાહના નામના ખોટા લેટર પેડ બનાવીને ખોટા કૃત્યમાં હસ્તીસિંઘ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો,તેથી રાજનાથ શુકલને હસ્તીસિંઘ પરનો વિશ્વાસ ગુમાવ્યો હતો અને તેઓએ સાથે કંઈક ખોટું બન્યું હોવાનો અણસાર તેમને આવ્યો હતો.જોકે આ ઘટનામાં હસ્તીસિંઘે રાજનાથ શુકલાને રૂપિયા ૧૧ લાખનો ચેક આપ્યો હતો.જે ચેક તેઓએ બેંકમાં જમા કરાવતા ચેક રિટર્ન થયો હતો.તેથી રાજનાથ શુકલાના દીકરી પ્રિયા શુકલા દ્વારા એડવોકેટ જે.બી.પંચાલના માધ્યમથી અંકલેશ્વરની કોર્ટમાં રાજપુરોહિત હસ્તીસિંઘ વિરુદ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ કેસ દર્જ કરાવ્યો હતો.અને આ કેસ અંકલેશ્વરના એડિશનલ ચીફ મેજિસ્ટ્રેટ વી.આર. સોલંકીની કોર્ટમાં ચાલી જતા કોર્ટે વકીલ જે.બી.પંચાલની દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપીને બે વર્ષની સાદી કેદની સજા અને ૬૦ દિવસમાં ફરિયાદીને આપવાના નાણા રૂપિયા ૧૧ લાખ કોર્ટમાં જમા કરાવવાનો હુકમ કર્યો હતો,જો આ સમય અવધિમાં આરોપી કોર્ટમાં રૂપિયા જમા ન કરી શકે તો વધુ ત્રણ માસની સાદી કેદનો હુકમ કોર્ટે કર્યો હતો.

### ૧૯ સપ્ટેમ્બરના રોજ ૧૪ બેઠકો માટે ચૂંટણી બાબતે ખરાખરીનો જંગ

# ભરૂચની દુધધારા ડેરીની ચૂંટણીમાં ભાજપ સામે ભાજપના જ અગ્રણીઓ મેદાને પડ્યા

## બે અગ્રણીઓની પેનલો વચ્ચે જંગ ફોર્મ ખેંચવાના અંતિમ દિન બાદ પણ યથાવત

ભરૂચ,તા.૯

ભરુચ જિલ્લાની દૂધધારા ડેરીમાં વ્યવસ્થાપન કમિટીની ચૂંટણીમાં ખરાખરીનો જંગ જામ્યો છે. દૂધધારાની ચૂંટણી માં કુલ ૧૫ બેઠકમાં ઘનશ્યામ પટેલની પેનલના ૧૨ અને વાગરાના ધારાસભ્ય અરૂણસિંહ રણાની પેનલના ૩ ઉમેદવારોને ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે મેન્ડેટ આપ્યો છે. પણ ભાજપના મેન્ડેટ સામે ભાજપના બે અગ્રણીઓની પેનલો વચ્ચે જંગ ફોર્મ ખેંચવાના અંતિમ દિન બાદ પણ યથાવત રહ્યો છે.

ભાજપના મેન્ડેટ સામે ભાજપના જ બે અગ્રણીઓ એવા ધારાસભ્ય અરુણસિંહ રણા અને નર્મદા જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ અને ડેરીના વર્તમાન ચેરમેન ઘનશ્યામ પટેલની પેનલ આમને સામને ચૂંટણી જંગમાં છે. જોકે ચૂંટણી પહેલા જ અરુણસિંહ રણાની પેનલના પ્રકાશ દેસાઈની સામેના દીપક પાદરીયાએ પોતાનું ફોર્મ ખેંચી લેતા તેઓ ઉમ્મલા બેઠક પર બિન હરીફ વિજેતા થયા છે. જેથી હવે ચૌદ બેઠક માટે ૧૯ મી સપ્ટેમ્બરે ચૂંટણી યોજાશે. અરુણસિંહ રણા પોતાની પેનલ ભાજપ સમર્થિત હોવાનું કહી પેનલનો વિજયનો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે.

ભાજપની બે પેનલની સાથે પૂર્વ વાઈસ ચેરમેન અને બીટીપીના પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા પણ બે બેઠક પર ચૂટણી જંગમાં છે તેઓ વિજયનો વિશ્વાસ વ્યક્ત કરવા સાથે વર્તમાન ચેરમેન ઘનશ્યામ પટેલની સાથે હોવાનું કહી ભાજપ હવે મેન્ડેટને અવગણવા બદલ કોઈ કાર્યવાહી કરે છે કે નહીં તેવો પ્રશ્ન પણ કરી રહ્યા છે. આ મુદ્દે વર્તમાન ચેરમેન ઘનશ્યામ પટેલ પોતે ભાજપના મેન્ડેટ મુજબના ઉમેદવાર પ્રકાશ દેસાઈની સામેના ઉમેદવાર સહિત અન્યો મેન્ડેટ સિવાયના ઉમેદવારોના ફોર્મ ખેંચાવી લીધા છે અને હવે મેન્ડેડ પ્રમાણેના જ ઉમેદવાર હવે અમારી પેનલ ના રહ્યા છે.

સામેની પેનલમાં મેન્ડેટ સિવાયના ઉમેદવારો ઊભા રાખવામાં આવ્યા છે ત્યારે પ્રદેશ કક્ષાએથી શું કાર્યવાહી થાય છે તે જોવું રહ્યું. ત્યારે ચૂંટણી સમયે પાર્ટીના આદેશની અવગણના કરવી અને પોતાની મન મરજીના ઉમેદવારો ઊભા કરવા કેટલા યોગ્ય તે બાબતે લોકચર્ચા ઉઠી છે.

### વિડિયો કોન્ફરસીંગ દ્વારા

# જીએનએફસી ભરૂચની ૪૯મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



વડોદરા,તા.૯

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ (જીએનએફસી), ભરૂચની ૪૯મી વાર્ષિક સામાન્ય સભા વિડિયો કોન્ફરસીંગ દ્વારા યોજાઈ હતી.

શેરહોલ્ડર્સને સંબોધિત કરતાં પંકજ જોષી, આઈએએસ, આ વાર્ષિક સામાન્ય સભાના અધ્યક્ષે, બોર્ડ ઓફ ડિરેક્ટર્સની તરફથી તમામ ઉપસ્થિતોને ડિજિટલ પ્લેટફોર્મ મારફતે AGMમાં હાજરી આપવા અને કંપની પ્રત્યે રાખેલ સતત વિશ્વાસ બદલ આભાર વ્યક્ત કર્યો. તેમણે વૈશ્વિક આર્થિક પડકારો વચ્ચે પણ કંપનીએ સ્થિર કામગીરી આપી અને હિતધારકો માટે લાંબા ગાળાનું મૂલ્ય સર્જ્યું હતું.વિત્તીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન, GNFC એ રૂ. ૭,૮૯૨ કરોડનું આવક, રૂ. ૭૯૦ કરોડનો કર પહેલાંનો નફો અને રૂ. ૫૮૫ કરોડનો કર બાદનો નફો (PAT) હાંસલ કર્યો, સાથે જ પ્રતિ શેર આવક રૂ. ૩૯.૮૫ રહી.શેરહોલ્ડર્સના રોકાણ પર સતત પરત સુનિશ્ચિત કરવા માટે, બોર્ડ દ્વારા પ્રતિ શેર રૂ. ૧૮ (@180%) ડિવિડન્ડની ભલામણ કરવામાં આવી છે, જે રૂ. ૨૬૪.૪૯ કરોડના ચુકવણી જેટલું છે જે નેટ પ્રોફિટના અંદાજે ૪૫% બરાબર છે.જી.એન. એફ.સી. એ કાચામાલના અસ્થિર ભાવોને પહોંચી વળવા માટે તેના ઓપરેશન્સ અને પ્રોડક્ટ મિક્સનું ઑપ્ટિમાઈઝેશન કર્યું છે.

### હોંગકોંગમાં અદાણી ફાઉન્ડેશનના અધ્યક્ષાનું સંબોધન

# આપણે ફક્ત સખાવતીઓ જ નહીં, પણ સહ-નિર્માતા બનવું જોઈએ: ડૉ.પ્રીતિ અદાણી




વડોદરા, તા.૯

અદાણી ફાઉન્ડેશનના અધ્યક્ષા ડૉ. પ્રીતિ અદાણીએ હોંગકોંગમાં આયોજિત એવીપીએન ગ્લોબલ કોન્ફરન્સ -૨૦૨૫માં કરેલા ચાવીરુપ સંબોધનમાં પરોપકારીઓ, વ્યવસાયિકો અને પરિવર્તન લાવી રહેલા સૌને ફક્ત આપો નહીં પણ સાથે મળીને નિર્માણ કરવા પ્રેરણાદાયક અપીલ કરી હતી. ડૉ.અદાણીએ સામાજિક વિકાસ માટે આવનારા સમયનો મોટો જમ્પ પ્રત્યેક પરોપકારી સંસ્થાઓ, બિન સરકારી સંગઠ્નો અને હિસ્સેદારોને એક જ પ્લેટફોર્મ પર કે બોધ કે શીખ વહેંચીને પ્રભાવક ગુણાકારથી સહિયારા પ્રયાસોનો સેતુ રચાય છે, તેના ઉપર આધારિત બની રહેવાનો છે, એવો ઉપર ભાર મૂકતા તેમણે ઉપસ્થિત લોકોને યાદ અપાવતા કહ્યું હતું કે પરોપકારની સાચી તાકાત અલગ-અલગ યોગદાનમાં નથી પરંતુ સુગ્રથિત કાર્યવાહીમાં છે. વાસ્તવિક પરિવર્તન ત્યારે લાવી શકાય જ્યારે આપણે ભાગીદાર તરીકે કામ કરી સંસાધનોનું એકત્રીકરણ ખુલ્લું મૂકીએ છીએ. આ માટે આપણે ફક્ત સખાવતીઓ જ નહીં, પણ સહ-નિર્માતા બનવું જોઈએ. જ્યાં વિશ્વભરના પરોપકારીઓ સંખ્યાઓથી આગળ વધે તેના બદલે ગૌરવ, લવચિકતા અને પરિવર્તનની માનવીય ગાથાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે એવા એક સહયોગ પ્લેટફોર્મ બનાવવાની ડૉ.પ્રીતિ અદાણીએ ભારપૂર્વક હિમાયત કરી હતી. તેમણે કહ્યું કે સંખ્યાબળની અસર વિષેની વાત નથી, પરંતુ તેમની પાછળ રહેલી આશા, પરિવર્તન અને સક્તિકરણની કથનીઓ વિશે છે.

# નર્મદા LCB એ સોલાર કેબલ ચોરીના મુદામાલ સાથે આરોપીઓને ઝડપી પાડ્યા

રાજપીપળા,તા.૯

દેડીયાપાડા વિસ્તારના કેવડી ગામના કેટલાક ઈસમોએ ચિકદા તથા પ્રતાપનગર ગામની સીમ વિસ્તાર માંથી તથા ઉમરપાડા પો.સ્ટે. વિસ્તારના પીનપુર ગામની સીમમાં આવેલ સોલારના પ્લાન્ટમાથી કોપરના વાયરોની ચોરી કરી તેને બાળી તેમાથી કોપરના વાયરોના ગુચળા બનાવી બે મોટર સાયકલ ઉપર દેડીયાપાડાથી ભરૂચ તરફ જવાના છે એવી માહિતી મળી હતી. જે માહીતીના આધારે દેડીયાપાડા મિશન ત્રણ રસ્તાથી આગળ નિઘટ ગામ તરફ જવાના હાઈવે રોડ ઉપર નાકાબંધી કરી તમામ ઈસમોને મીણીયા કોથળામાં બાળેલા કોપર વાયરના ગુંચળાઓ સાથે ઝડપી પાડી તેઓને પુછપરછ કરતા આ મુદ્દામાલ દેડીયાપાડા, આમલેથા તેમજ ઉમરપાડા પો.સ્ટે વિસ્તારમાં આવેલ સોલારના પ્લાન્ટો માંથી કોપરના વાયરોની ચોરી કરેલાની કબુલાત કરી હતી.

પોલીસે એ લોકો પાસેથી કોપરના વાયરોના ગુંચળાઓમોબાઈલ નંગ-૭ કિમત રૂપિયા ૩૫,૫૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૨,૦૫,૫૦૦/- નો મુદ્દામાલ ઝડપી પાડી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને ડીટેઈન કરી આગળની વધુ તપાસ અર્થે તમામને દેડીયાપાડા પો. સ્ટે ખાતે સોંપવામાં આવ્યા હતા.

પકડાયેલ આરોપીઓમાં હરીસીંગ વજેસીંગ વસાવા, સુરેશ પ્રતાપ વસાવા, મહેશ માનસીંગ વસાવા, અક્ષય વજેસીંગ વસાવા,કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર જ્યારે નિરંજન રમેશ વસાવાને હજુ પકડવાનો બાકી છે.

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**પાણી અંગેની અગત્યની જાહેરાત**

આથી જાહેર જનતાને જણાવવાનું કે વડોદરા મહાનગરપાલિકાના પાણી પુરવઠા શાખા હસ્તકની વાસણા ટાંકી ખાતેથી સવારે ૭:૦૦ થી ૮:૧૫ ના સમય ગાળામાં પાણી મેળવતાં વિસ્તારોમાં **તા.૧૧.૦૯.૨૦૨૫ થી તા.૧૩.૦૯.૨૦૨૫** સુધી પ્રાયોગીક ધોરણે નીચે મુજબ પાણી વિતરણના સમયમાં ફેરફાર કરવામાં આવશે.

**નવિન ઝોનનો સમય: ઝોન (૧) સવારે ૦૭:૦૦ થી ૦૮:૦૦ કલાક - વાસણા ટાંકીની પાછળનો ભાયલી TP-1 નો વિસ્તાર અને ઝોન (૨)સાંજે ૫:૩૦ થી ૦૬:૩૦ કલાક - વાસણા ટાંકીથી વાસણા જકાતનાકા, કલ્યાણ પાર્ટી પ્લોટ તરફનો વિસ્તાર તેમજ ગોકુળ પાર્ટી પ્લોટ તરફનો વિસ્તાર અને ગોત્રી પોલીસ સ્ટેશન સુધીનો વિસ્તાર**

સદર ટ્રાયલ દરમ્યાન ઝોનીંગ સમય ફેરફારમાં સફળતા મળ્યેથી આ મુજબના પાણી વિતરણના સમય કાયમી ધોરણે રાખવામાં આવશે. જેની સદર વિસ્તારના નાગરીકોએ નોંધ લેવા તથા સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.૫૮૫/૨૫-૨૬ — કાર્યપાલક ઈજનેર (પા.પુ.)

**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર સૂચના નં. 33 વર્ષ 2025-26 તારીખ 08/09/2025**

| ક્ર. સં | ટેન્ડર નં | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-64R | રાજકોટ મંડળ: સીનિયર ડિવિઝનલ એન્જિનિયર (પૂર્વ) રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ ટ્રેકમેન માટે ટૂલ રૂમ (52 નંબર) કમ રેસ્ટ રૂમ પૂરા પાડવા. | 5,27,07,680.27 | 4,13,500.00 |
| 2 | DRM-RJT-2024-25-E-88R | રાજકોટ મંડળ: ફેઝ-1 હેઠળ મૂળી રોડ, રામપર્દા, થાન અને વાગડિયા યાર્ડની પેસેન્જર રનિંગ લાઇનમાં સુધારો અને અપગ્રેડેશન. | 5,38,56,690.88 | 4,19,300.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 02/10/2025 @ 15.00 કલાકે **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ),પશ્ચિમ રેલવે,કોઠી કમ્પાઉન્ડ,રાજકોટ,ગુજરાત - 360001 **વેબસાઈટ: www.ireps.gov.in**

RJT 116

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**The Court Of VII Civil Judge, senior Division, District Court, Ratlam**
**Presiding Officer: सपना शर्मा**
(आदेश 5 नियम 20 व्यवहार परकिरया संहिता 1908 के अन्तर्गत परकाशन हेतु)
(RCS A/0000186/2020) — Process Id-/2025
प्रेषिती- **मोतीलाल पिरोदिया........यादी Vs कविता भण्डारी..........प्रतिवादी** — **पेशी दिनांक: 15/09/2025**

**(1) कविता भण्डारी पिता स्व. राजेन्द्र भण्डारी निवासी बी-203 शांतनम फ्लेट्स उत्कर्ष स्कूल के सामने, गदापुरा, गोतरी बड़ोदा गुजरात**

यह कि प्रार्थी **मोतीलाल पिरोदिया** ने आपके विरुद्ध **आवेदन पत्र अंतर्गत वाद बाबत् घोषणा एवं स्थाई निषेधाज्ञा** के लिए वाद संस्थित किया है, आपको इस न्यायालय में सूचना के प्रकाशन के **30 दिवस** के भीतर वाद का उत्तर देने के लिये उपसंजात / हाजिर होने के लये सम्मन किया जाता है, आप न्यायालय में स्वयं या किसी ऐसे प्लीडर (अधिवक्ता) द्वारा उपसंजात हो सकते है, जिसे सम्यक अनुदेश दिये गये हो और जो इस वाद में संबंधित सभी सारवान कथनों का उत्तर दे सके। आपको यह निर्देश भी दिया जाता है कि उस दिन अपनी प्रतिरक्षा का लिखित कथन प्रस्तुत करें और उस दिन ऐसे सब दस्तावेज जो आपके कब्जे या शक्ति में है पेश करें जिन पर आपका प्रतिरक्षा या मूजराई का दावा या प्रतिदावा आधारित हो, और यदि आप अन्य किसी दस्तावेज पर चाहे वह आपके कब्जे या शक्ति में हो अपनी प्रतिरक्षा या मुजरा के दावे या प्रतिदावे के समर्थन में साक्षय के रूप में निर्भर करते है तो ऐसी सभी दस्तावेज की लिखित कथन के साथ उपलब्ध की जाने वाली सूची में प्रविष्टि करें।

आपको सूचित किया जाता है कि यदि आप उपर बताई गई अवधि में इस न्यायालय में उपस्थित नहीं होंगे तो वाद की एक पक्षीय सुनवाई कर उसका निपटारा आपकी अनुपस्थिति में किया जायेगा। साथ ही यह भी सूचित किया जाता है कि यदि आप निराकरण मध्यस्थ के माध्यम से करने के इच्छुक हैं तो पीठासीन अधिकारी को अवगत करावें।

यह आज तारीख 22 August 2025 को मेरे हस्ताक्षर से और न्यायालय की मुद्रा लगा कर दिया गया है.

**न्यायालय की मुद्रा**
**टिपूणी:-0**
**कृपया ध्यान दें:-** यदि किसी कारणवश उक्त तिथि को न्यायालय अवकाश पर रहेगा तो अगामी कार्यदिवस पर यह प्रकरण सुनवाई मे लीया जायेगा.

न्यायाधीश
(श्रीमती सपना शर्मा)
सप्तम व्यवहार न्यायाधीश वरिष्ठ
रतलाम, जिला रतलाम, (म.प्र.)

**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

**"જાહેરાત" ના કરાર માટે ઈ-હરાજી**

"જાહેરાત"ના કરાર માટે ઈ-હરાજી **26.09.2025** ના રોજ યોજાશે. ઈ-હરાજી **26.09.2025** ના રોજ **11:00 કલાકે** શરૂ થશે. કેટલોગ **www.ireps.gov.in** વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ગયો છે.વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:-

**કેટલોગ નંબર: ADVT - BRC - 260925** — **કરારનો સમયગાળો: 05 વર્ષtract period: 05 years**

| લોટ નં. | વર્ણન |
|---|---|
| ADVT-BRC-ANND-OH-10-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ ) | આણંદ રેલવે સ્ટેશનના ફરતા વિસ્તારમાં હોર્ડિંગ્સ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-EKNR-OH-21-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ ) | એકતા નગર રેલવે સ્ટેશનના ફરતા વિસ્તારમાં વિવિધ માધ્યમો દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-CYI-OH-23-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ ) | છાયાપુરી રેલવે સ્ટેશનના ફરતા વિસ્તારમાં હોર્ડિંગ્સ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-VS-OH-92-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ ) | વડોદરા શહેરના વિસ્તારમાં પ્રતાપનગર પુલની માંડવી બાજુએ આરઓબી નંબર 5A નજીક હોર્ડિંગ્સ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-AKV-OH-290-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ ) | અંકલેશ્વર રેલવે સ્ટેશનના ફરતા વિસ્તારમાં (પૂર્વ અને પશ્ચિમ બાજુ) હોર્ડિંગ્સ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-BH-OH-301-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ ) | ભરૂચ અને અંકલેશ્વર રેલવે સ્ટેશનના ફરતા વિસ્તારમાં (પૂર્વ બાજુ) પાણીની ટાંકી પર દિવાલ પેઈન્ટિંગ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-AKV-OSN-268-24-1 જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | અંકલેશ્વર - ઉતરન વિભાગના કોસંબા, કીમ, પનોલી, સાયણ, ગોઠણગામ, કોસાદ અને ઉતરન સ્ટેશનો પર સ્ટેશન બિલ્ડિંગની અંદર સાઈન બોર્ડ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-BH-OSN-269-24-1 જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | વિશ્વામિત્રી-ભરૂચ સેક્શનના વિશ્વામિત્રી, મકરપુરા, ઇટોલા, મિયાગામ-કરજણ, પાલેજ અને નબીપુર સ્ટેશનો પર સ્ટેશન બિલ્ડીંગની અંદર સાઈન બોર્ડ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-GER-OSN-270-24-1 જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | નડિયાદ-ગેરતપુર સેક્શનના ગોથજ, મહેમદાવાદ ખેડા રોડ, નેનપુર, કનીજ, બારેજડી અને ગેરતપુર સ્ટેશનો પર સ્ટેશન બિલ્ડીંગની અંદર સાઈન બોર્ડ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-VDA-OSN-271-24-1 જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | વાસદ અને બાજવા સ્ટેશનો પર સ્ટેશન બિલ્ડીંગની અંદર સાઈન બોર્ડ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-BRC-OSN-297-25-1 જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | વડોદરા રેલવે સ્ટેશનના એસ્કેલેટરની બાજુની દિવાલ પર સ્ટીકર દ્વારા નોન-ડિજિટલ જાહેરાત માટેનો કરાર. |
| ADVT-EFF-287390-1-25-1 (જાહેરાત-ટ્રેનની બહાર (ફૂલ ફેસ)) | એકતાનગર-નિઝામુદ્દીન એક્સપ્રેસ ટ્રેન નં.20945/20946 વચ્ચે વિનાઈલ રેપિંગ દ્વારા ગુજરાત સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસના બાહ્ય ભાગ પર વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-IntExt-86019-24-2 (જાહેરાત - ટ્રેનની અંદર અને બહાર) | ટ્રેન નં: 22929/22930 (વડોદરા-દહાણુ રોડ-વડોદરા) એક્સપ્રેસ ટ્રેનના બાહ્ય ભાગમાં વિનાઈલ રેપિંગ દ્વારા વાણિજ્યિક જાહેરાતો પ્રદર્શિત કરવાનો કરાર અને આંતરિક ભાગમાં સ્ટીકરો ટ્રાન્સફર કરવાનો કરાર. |
| ADVT-LOCO-BRC-BRCY-298-25-1 (જાહેરાત - LOCO બહાર) | ઈલેક્ટ્રિક લોકો શેડ વડોદરા યાર્ડ, વડોદરામાં જાળવવામાં આવેલ ઈલેક્ટ્રિક લોકોમોટિવ (WAP-5) પર બ્રાન્ડિંગ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર.(લોકો નં.30064) |
| ADVT-LOCO-BRC-BRCY-299-25-1 (જાહેરાત - LOCO બહાર) | ઈલેક્ટ્રિક લોકો શેડ વડોદરા યાર્ડ, વડોદરામાં જાળવવામાં આવેલ ઈલેક્ટ્રિક લોકોમોટિવ (WAP-5) પર બ્રાન્ડિંગ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર.(લોકો નં.30069) |
| ADVT-LOCO-BRC-BRCY-300-25-1 જાહેરાત - LOCO બહાર) | ઈલેક્ટ્રિક લોકો શેડ વડોદરા યાર્ડ, વડોદરામાં જાળવવામાં આવેલ ઈલેક્ટ્રિક લોકોમોટિવ (WAP-5) પર બ્રાન્ડિંગ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર.(લોકોનંબર 30153) |

BRC 178

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

यूको बैंक (भारत सरकार का उपक्रम) UCO BANK (A Govt. of India Undertaking)
**ઝોનલ ઓફિસ સુરત, રિદ્ધિ શોપર્સ, સ્ટાર બજારની સામે, અડાજણ હજીરા રોડ, સુરત. ફોન.નં. : 0261 - 2797400, E-mail : zo.surat@ucobank.co.in**

**જગ્યા જોઈએ છે**

યુકો બેંકને નવી શાખા/ઓફિસ ખોલવા માટે ફક્ત ગ્રાઉન્ડ ફ્લોર પર ભાડા પર જગ્યાની જરૂર છે. નીચે આપેલા સ્થાન પર યોગ્ય જગ્યાની જરૂર છે.

| શાખાનું નામ | વિસ્તાર Sq.Ft. માં (કાર્પેટ એરિયા) |
|---|---|
| પીપલોદ, સુરત | 1000 Sq.Ft |
| ભૈલી, વડોદરા | 1000 Sq.Ft |

વિગતવાર માહિતી બેંકની ઝોનલ ઓફિસમાંથી મેળવી શકાય છે અથવા યુકો બેંકની વેબસાઈટ www.ucobank.com પરથી ડાઉનલોડ કરી શકાય છે. નિયત ફોર્મેટમાં બંધ કવરમાં અરજી સબમિટ કરવાની છેલ્લી તા. 24/09/2025(સાંજે 5.00)છે.

**તારીખ : 09/09/2025** — **ડેપ્યુટી ઝોનલ મેનેજર**

**Panchmahal Steel Limited**
**રજિસ્ટર્ડ ઓફિસ : જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કલોલ–૩૮૯૩૩૦, જિ. પંચમહાલ, ગુજરાત.**
**સીઆઈએન : L27104ZGJ1972PLC002153 ફોન નં. : 02676-230777 ફેક્સ નં. : 02676-230889**
**ઈમેઈલ : shares@panchmahalsteel.co.in, વેબસાઈટ : www.panchmahalsteel.co.in**

**પરમી વાર્ષિક સામાન્ય સભાની સુચનાનો શુદ્ધિપત્ર**

**આ શુદ્ધિપત્ર, પરમી વાર્ષિક સામાન્ય સભાની સુચના (''એજીએમ નોટિસ'') તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૨૫ ના સંદર્ભમાં છે, જે પંચમહાલ સ્ટીલ લિમિટેડ (''કંપની'') ના સભ્યો માટે તારીખ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સવારે ૧૧.00 વાગ્યે વિડીયો કોન્ફરન્સિંગ (વીસી)/અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ (OAVM) દ્વારા યોજાનારી પરમી વાર્ષિક સામાન્ય સભામાં તેની નોટિસમાં દર્શાવેલ વ્યવસાય કરવા માટે જારી કરવામાં આવી હતી.**

**અમે કંપનીના તમામ સભ્યોનું ધ્યાન ખેંચીએ છીએ કે આ શુદ્ધિપત્ર કંપનીના સભ્યોને જણાવવા માટે જારી કરવામાં આવે છે કે અજાણતાં, પરમી વાર્ષિક સામાન્ય સભાની સુચનામાં, ઈ–વોટિંગ માટેની કટ–ઓફ તારીખ ૧૫.૦૯.૨૦૨૫ ને બદલે તારીખ ૧૨.૦૯.૨૦૨૫ તરીકે ઉલ્લેખિત કરવામાં આવી હતી અને તેથી તેને તારીખ ૧૫.૦૯.૨૦૨૫ રીતે વાંચવું જોઈએ.**

**પરમી વાર્ષિક સામાન્ય સભાની નોટિસની અન્ય બીજી બધી વિગતો, આ શુદ્ધિપત્ર દ્વારા સુધારેલા અથવા પૂરક સિવાય, યથાવત રહેશે.**

**આ શુદ્ધિપત્રનો નોટિસ, પરમી વાર્ષિક સામાન્ય સભાની નોટિસનો અભિન્ન ભાગ છે જે કંપનીના શેરધારકોને પહેલાથી જ મોકલવામાં આવ્યો છે. તે મુજબ, પરમી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ હંમેશા આ શુદ્ધિપત્ર સાથે વાંચવામાં આવશે. શુદ્ધિપત્ર, સુધારેલી નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.panchmahalsteel.co.in અને સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE લિમિટેડ (BSE) ની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે.**

**પંચમહાલ સ્ટીલ લિમિટેડ વતી**
**સહી/-**
**દિપક નાગર**
**તારીખ : સપ્ટેમ્બર ૬, ૨૦૨૫** — **જી.એમ. (લિગલ) અને કંપની સેક્રેટરી**
**સ્થળ : વડોદરા** — **એસીએસ૭૯૬૦**

**વડોદરા મહાનગરપાલિકા**
**જમીન મિલકત શાખા (કોમ.)**
**હંગામી ધોરણે ફટાકડાના વેચાણ માટેના સ્ટોલની**
**જગ્યા જાહેર હરાજીથી મેળવવા બાબત**

આગામી દિવાળી તહેવારો દરમ્યાન વડોદરા મહાનગરપાલિકા હસ્તકના ટી.પી.સ્કીમના ફાયનલ પ્લોટમાં નિયત માપની જગ્યા, નિયત મુદત માટે, ફટાકડાના સ્ટોલ ઉભા કરવા અર્થે લાયસન્સ ફીથી મેળવવા માટે નિયત નમુનાના અરજી પત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

1. જાહેર હરાજીમાં ભાગ લેવા ડીપોઝીટની રકમ રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી તા.૧૭.૦૯.૨૦૨૫ ના રોજ બપોરના ૩.૦૦ કલાક સુધીમાં રીશેષ સિવાયના સમયમાં ભરવાની રહેશે.
2. ડિપોઝીટની રકમ રૂ.૫૦,૦૦૦/– રાખવામા આવેલ છે.
3. પ્લોટ દીઠ ડિપોઝીટની રકમ, ફાયનલ પ્લોટ નંબર, જગ્યાની વિગતો, હરાજીની શરતો, મીનીમમ અપસેટ વેલ્યુની વિગતો તથા ફાળવણીની શરતો જમીન મિલકત શાખા (કોમ.) રૂમ નં.૨૦૩,ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, મુખ્ય કચેરી, રાજમહેલ રોડ, વડોદરા મહાનગરપાલિકા,વડોદરા ખાતેથી રજાના દિવસો સિવાય સવારના ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી મેળવી શકાશે. તે સિવાય વડોદરા મહાનગરપાલિકાની વેબ સાઈટ www.vmc.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. કોઈ પણ ફાઈનલ પ્લોટની જગ્યા માટે બોલેલ બોલીની રકમ માન્ય રાખવી કે નહિ તેનો આખરી નિર્ણય મ્યુનિસીપલ કમીશ્નરશ્રીનો રહેશે અને તેમાં કોઇ વાદ- વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

પી.આર.ઓ.નં.૫૮૬/૨૦૨૫-૨૬ — આસી. મ્યુનિસીપલ કમીશ્નર